જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૨૪/૧૮

**એક નાઇજીરીયન નાગરીકને પ્રથમ કિ.રૂ.૬૩,૨૫,૯૫૦/- ના ૪૨૧ ગ્રામ ૭૩૦ મિલિ ગ્રામ કોકેઇનના નશીલા પદાર્થના જથ્થા સાથે તેમજ તપાસ દરમ્યાન બીજો કોકેઇન નો ૧ કીલો ૨૮ ગ્રામ ૭૫૦ મીલીગ્રામ જેની કુલ કિ.રૂ.૧,૫૪,૩૧,૨૫૦/- નો રીકવર કરી કુલ્લે ૧ કીલો ૪૫૦ ગ્રામ ૪૮૦ મીલી ગ્રામ જેની કુલ કિ.રૂ.૨,૧૭,૫૭,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના હુકમ મુજબ એરપોર્ટ પોલીસ સ્ટેશન સ્ટે.ડા.નં.૧૪/૨૦૧૮ તા.૨૦.૦૮.૨૦૧૮ ના કલાક ૧૬/૩૦ ની તપાસ એસ.ઓ.જી.ને સંભાળવા હુકમ થતાં તપાસ સંભાળેલી જેમાં "એક પેસેંન્જર નામે ઝોહું એલેક્સીઝ રાષ્ટ્રીયતા રીપબ્લીક cote divaire નો અમદાવાદથી મુંબઇ ફ્લાઇટ નં. S2 315 માં જઇ રહ્યો હતો અને એરપોર્ટમાં ચેકીંગ દરમ્યાન સી.આઇ.એસ.એફ. ના એ.એસ.આઇ. અકબરખાને પેસેન્જરના પેટ ઉપર HHMD ફેરવવાથી શંકાસ્પદ રીતે બીપ જેવો અવાજ આવતા સલંગ્ન એરલાઇન્સને બતાવતા જેમાં જેટ એરવેઝ સિક્યુરીટી સ્ટાફ તૃપ્તી અગ્રવાલ અને કસ્ટર સર્વીસ શ્રી નિતિનભાઇએ પેસેન્જરના પેટમાં કંઇક શંકાસ્પદ વસ્તુ હોવા અંગે શંકા જતા પેસેંન્જરને મેડીકલ તપાસ અંગેની કાર્યવાહી અંગે તથા તેના પેટમાં આવતા બીપના અવાજ અંગે ચોક્કસ કારણ જાણવા માટે સી.આઇ.એસ.એફ.ના ઇન્સપેકટર શ્રી સતીશ્રા ચૌધરી અમદાવાદ એરપોર્ટ નાઓએ સદરી શકદારને અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી માટે શકદાર ઇસમનો પાસપોર્ટ તથા જેટ એરવેઝની બોડીગ પાસ સાથે સોંપતા એરપોર્ટ પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ. ડી.બી.પ્રજાપતિ નાઓએ સદરી ઇસમની મેડીકલ ચેક-અપ સારૂ સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે લઇ ગયેલ છે અને તેને સિવિલ હોસ્પીટલ વોર્ડ નં.ઇ/૦૮ માં ડ્રેસીંગરૂમમાં દાખલ કરેલ હતો" આ કાર્યવાહી માટે

પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.ડી.પરમાર તથા પોસઇ શ્રી એ.એ.દેસાઇ તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા સ્ટાફના માણસો સીવીલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયેલ.

આ શખ્સની સારવાર દરમ્યાન ડૉ.શ્રીએ તેના ગુદાના ભાગેથી પ્રથમ ઇંડા આકાર જેવી મોટી કેપ્સુલ સફેદ કલરની ૦૯ (નવ) કાઢી આપેલ અને જેને ફરીથી ડો.શ્રી એ જરુરી દવાઓ આપેલ અને થોડીવાર બાદ સદરી ઈસમના ગુદાના ભાગેથી બીજી ૧૨ ઇંડા આકાર જેવી મોટી કેપ્સુલ સફેદ કલરની નીકળેલ હતી. આ બધી કેપ્સુલની અંદર ડ્રગ્સ હોવાનું શકદાર નાઇજીરીયન ઝોહું એલેક્સીસ નાઓએ જણાવેલ અને સદરી શકદારનું નામ ઠામ પુછતાં ઝોહું એલેક્સીસ રહે, ૪૧, ઇન્ડ્યુવી સ્ટ્રીટ, માકુલુકુ લેગોજ નાઇજીરીયા રાષ્ટ્રીયતા રીપબ્લીકનો હોવાનું જણાવેલ જેની અંગઝડતીમાંથી એક પાસપોર્ટ તેમજ એક બોડીંગ પાસ તથા એક મોબાઇલ મળી આવેલ. સદરી ઇસમ પાસેથી મળી આવેલ કેપ્સુલની ચકાસણી કરાવવા સારૂ એફ.એસ.એલ. અધિકારીશ્રીને બોલાવતાં તેઓએ પ્રાથમિક પરીક્ષણ કરી માદક પદાર્થ કોકેઇન હોવાનું જણાવેલ જેથી સદરી ઇસમ પાસેથી કુલ ૨૧ કેપ્સુલમાંથી કુલ ૪૨૧ ગ્રામ ૭૩૦ મિલિ ગ્રામ કોકેઈન જેની કુલ્લે કિ.રૂ.૬૩,૨૫,૯૫૦/- તથા પાસપોર્ટ નંગ એક જેની કિ.રૂ.00/00 ગણાય તથા બોર્ડીગ પાસ એક રૂ.00/00 તથા મોબાઈલ ફોન એક જેની કિ.રૂ.૫,000/- ગણી પંચો રૂબરૂ કબ્જે કરી પોસઇ શ્રી એ.એ.દેસાઇ નાઓએ શ્રી સ.ત. પો.ઇ.શ્રી.એ.ડી.પરમાર નાઓ રૂબરૂની ફરીયાદ આપતાં આ અંગે ડીસીબી પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૫૦૬૬/૨૦૧૮ ધી એનડીપીએસ એક્ટ કલમ ૮(સી), ૨૧(સી), ૨૯ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ ચલાવી રહેલ છે.

બાદ આ ગુનાની તપાસ દરમ્યાન સદરી નાઇજીરીયન નાગરિક ઝોહું એલેક્સીસના ગુદાના ભાગેથી બીજી કોકેઇનની ૨૩ કેપ્સુલ તેમજ તેના સામાનમાંથી ૨૯ કેપ્સુલ મળી આવેલ છે જેનુ કુલ વજન ૧ કીલો ૨૮ ગ્રામ ૭૫૦ મીલીગ્રામ જેની કુલ કિ.રૂ.૧,૫૪,૩૧,૨૫૦/- નો મળી આવેલ. જેથી સદરી નાઇજીરીયન નાગરિક ઝોહું એલેક્સીસ પાસેથી કોકેઇન કુલ ૧ કીલો ૪૫૦ ગ્રામ ૪૮૦ મીલી ગ્રામ જેની કુલ કિ.રૂ.૨,૧૭,૫૭,૨૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ છે. સદરી નાઇજીરીયન નાગરિકને ધોરણસર અટક કરી તા.૨૭/૦૮/૨૦૧૮ સુધીના રીમાન્ડ મેળવેલ છે. આ સમગ્ર રેકેટ બાબતે પુછપરછ કરી રેકેટનો પર્દાફાશ કરવાની કાર્યવાહી હાલમાં ચાલું છે.

**બાપુનગર પોલીસ સ્ટેશન :**

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનો અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરી પ્રશંસનીય કામગીરી કરતો બાપુનગર પો.સ્ટેનો સર્વેલન્સ સ્કોર્ડ

## પ્રેસનોટ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના હુકમ તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબ નાઓએ મીલક્ત સબંધી બનતા અનડીટેક્ટ ગુન્હા શોધવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝન સા.નાઓની સુચના મુજબ બાપુનગર પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઇન્સ્પેકટર એચ.બી.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ બાપુનગર પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. બી.ડી.રાઠોડ તથા હે.કો. દેવબા ઇશ્વર બ.નં. ૩૫૨૯ તથા પો.કો. સંજયસિંહ ભરતસિંહ બ.નં. ૧૦૧૮૮ તથા પો.કો. ધવલકુમાર જીતેન્દ્રકુમાર બ.ન. ૬૬૩૪ તથા લો.ર. હરપાલસિંહ મહિપતસિંહ બ.નં. ૫૦૧ તથા લો.ર. સિધ્ધરાજસિંહ ગજેન્દ્રસિંહ બ.નં. ૬૬૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઇ. બી.ડી.રાઠોડ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે બાપુનગર લા.બા.શાસ્ત્રી સ્ટેડીયમ ખોડીયાર માતાના મંદિર સામે જાહેર રોડ ઉપર બે ઇસમો નામે (૧) અરબાઝઅલી રાશીદઅલી સૈયદ ઉવ. ૧૯ રહે. મ.ન. ૧૯૦૧ વિશ્વનાથનગર સુન્દરમનગરાની બાજુમાં બાપુનગર અમદાવાદ શહેર તથા પાછળ બેસેલ ઇસમે પોતાનું નામ (૨) મો.આસીફ ગુલામનબી શેખ ઉવ. ૨૭ રહે. ૭૬૫/૫૨૧૬ ગુ.બા.બોર્ડ લા.બા.શાસ્ત્રી સ્ટેડીયમ પાસે રખિયાલ અમદાવાદ શહેરનાઓને મો.સા.નં. GJ-07-AE-4322 કિ.રૂ. ૧૫૦૦૦/- સાથે તા.૨૨/૦૮/૨૦૧૮ ના ક. ૧૭/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરેલ હોય જે મળી આવેલ મો.સા. ઘાટલોડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૦૪/૦૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ મો.સા. હોય જે મો.સા. કબ્જે કરી ઘાટલોડીયા પો.સ્ટે.નો અનડિટેક્ટ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૨/૦૮/૨૦૧૮

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :**

### એલીસબ્રીજ પો.સ્ટે. ના પોલીસ સ્ટાફે ઘાટલોડીયા પો.સ્ટે. ની હદમાંથી વાહન ચોરી કરતાં વાહન ચોરને મુદ્દામાલ સાથી ઝડપી પાડતી એલીસબ્રીજ પોલીસ

ગઈ કાલ તા. ૨૨/૦૮/૨૦૧૮ ના રોજ મે. મ.પો.કમિ. શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર તથા પો.ઈન્સ. શ્રી એલીસબ્રીજ પો.સ્ટે. નાઓની સુચના માર્ગદર્શન મુજબ મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પ્રો પોલીસ સબ ઈન્સ્પેકટર એ.પી.જેબલીયા નાઓ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના સ્ટાફના અ.પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ બ.ન.૧૦૨૨૭ તથા પો.કો. મહેન્દ્રકુમાર રમેશભાઈ બ.ન. ૧૦૨૩૯ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપી જેન્તીભાઈ કેશવલાલ ગજ્જર ઉવ.૬૫ રહે, એફ/૩ જનકપુરી એપાર્ટમેન્ટ વિશ્રામનગરની પાછળ ગુરૂકુળ રોડ મેમનગર અમદાવાદ શહેર નાને એલીસબ્રીજ કોઠાવાલા ફ્લેટ આગળ જાહેર રોડ ઉપર તા. ૨૨/૦૮/૨૦૧૮ ના કલાક ૨૨/૩૫ વાગે અટક કરી સદરીના કબ્જામાંથી હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોડલની મો.સા. ન. **GJ-13-HH-3760** કિ.રૂ. ૨૫,૦૦૦/- ના મત્તાની સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી સદરી બાબતે એલીસબ્રીજ પો.સ્ટે. જા.જોગ નં.૪૫/૧૮ થી તપાસ હાથ ધરવામાં આવેલ અને સદરી ઈસમે ઉપરોક્ત મો.સા..આજથી બે માસ પહેલા શ્યામ એપા. વિશ્રામનગર મેમનગર ઘાટલોડીયા ખાતેથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતો હોય જે બાબતે ઘાટલોડીયા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૮૩/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીને ઘાટલોડીયા પો.સ્ટે. સોંપવા તજવીજ કરી એલીસબ્રીજ પો.સ્ટે. વાહન ચોરીના ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.